

श्रीरामायण चित्रावलि

(રામાયણને લગતાં ૩૬ ચિત્ર)



સસ્તું સાહિ


[illegible]

ब्रह्मर्षि गुरुवसिष्ठ, तथा महाभक्त हनुमान सहित

श्रीराम पंचायतन

१३४५७

“ શ્રીરામનામકી લૂંટ હૈ, લૂંટી જાય સો લૂંટ; અંતકાલ પછતાયગો, પ્રાન જાયગો છૂટ ! ”




“ શ્રીરામ લછમન જાનકી; જય બોલો હનુમાનકી ! ” —પ્રકાશક: સસ્તું સાહિત્ય વ. કા. અમદાવાદ અને મુંબઈ

શ્રીરામચંદ્ર કૃપાલુ ભજ મન, હરન ભવભયદારૂણં; નવકંજલોચન કંજમુખ, કરકંજ પદકંજારૂણં ॥
કંદર્પ અગણિત અમિતછબિ, નવનીલ નીરદસુંદરં; પટપીત માનહુ તડિત રૂચિશુચિ, નૌમિ જનકસુતાવરં ॥
શિર મુકુટ કુંડલ તિલક ચારૂ, ઉદાર અંગ વિભૂષણં; આજાનભુજ શરચાપધર, સંગ્રામજીત ખરદૂષણં ॥
ભજ દીનબન્ધુ દિનેશ, દાનવ દલન દુષ્ટ નિકંદનં; રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથનંદનં ॥
ઈતિ વદતિ તુલસીદાસ, શંકર શેષ મુનિમનરંજનં; મમ હૃદયકંજ નિવાસ કરૂ, કામાદિ ખલદલ ગંજનં ॥



બાળક તુલસીદાસને વહેમને લીધે ટુકડો ન આપતાં સર્વ કોઈ ધુતકારી કહાડે. આથી તે બહુ દુઃખી રહે. પ્રભુપ્રેમી નરહરાનંદ સ્વામી એ વાત સાંભળતાંજ હરિપુર પહોંચ્યા. ત્યાં એક માનવને તેની પાછળ પડેલો જોઈ તેમણે રોક્યો અને બાળકને આશ્રયમાં લઇ નિરાધારનો આધાર બન્યા; તથા કહ્યું કેઃ–"રામબોલા! ફિકર કરતો નહિ, કૃપાળુ પ્રભુ સર્વ પ્રકારે તારી સંભાળ લેશે." પછી ગામલોકની સંમતિપૂર્વક તેને તેઓ સાથે લઈ ગયા.




ગોસ્વામીજી ભણ્યા ત્યારે (૨૦ વર્ષ સુધી) ભણ્યા પણ ખૂબ, અને (૨૯ વર્ષની ઉંમરે) પરણ્યા ત્યારે વિષયાસક્ત પણ ખૂબ બન્યા. તેમની ગેરહાજરીમાં એક દિવસ સ્ત્રીનું ભાઇસાથે પિયર જવું થતાં તેઓ પણ તેજ રાત્રે ત્યાં પહોંચી ગયા અને બારણું ખખડાવ્યું ! સ્ત્રીએ અવાજ ઓળખતાંજ બારણું ખોલ્યું; અને આશ્ચર્ય પામીને કહ્યું કેઃ—

" લાજ ન લાગત આપકો, દોડે આયે હો સાથ; ધિક્ ધિક્ ઐસે પ્રેમકો, કહા કહું મૈં નાથ;
અસ્થિ–ચરમ–મય દેહ મમ, તામેં જૈસી પ્રીતિ; ઐસી જો શ્રીરામમેં હોત ન તા ભવભીતિ. "

એ સાંભળતાંજ તુલસીદાસના મનમાં અગાઉ સંતસેવા અને ઋષિવિદ્યાના જે ઉત્તમોત્તમ સંસ્કાર પડેલા, તે તાજા થઇ ગયા; અને જાણે પ્રભુએ પોતેજ ઉપલા શબ્દો કહ્યા હોય તેમ પૂર્વજન્મનો અધુરો યોગ પૂર્ણ કરવા માટે ત્યાંથી તરતજ પરભાર્યા ચાલી નીકળ્યા.

तपस्वी गोस्वामी तुलसीदासजी (अवस्था ३६ वर्ष)




तनमन तें हरि भक्ति-रत, तरु तर किये निवास।
राम-नाम सादर जपत, कविवर तुलसीदास॥

प्रकाशक सस्तुं साहित्य व० का०। बेलवेडियर प्रेस, प्रयाग।



राम चरितमानस सुकवि, मूर्तिमान् विश्वास ।
ज्ञान शिरोमणि भक्तवर, ये है तुलसीदास ॥



લૂટારાને નારદે પુછ્યું "આવો પાપી ધંધો શાથી!" "બીજી રીતે કુટુંબ નિર્વાહ ન બનવાથી" "પ્રશ્ન–પાપમાં પણ કુટુંબીઓનો ભાગ ખરો?" ઉત્તર–"હા, અવશ્ય." પછી નારદે કહેવાથી તેમને ઝાડે બાંધી ઘેર પૂછવા ગયો ઉત્તર મળ્યો કે "લૂંટ મહા મોટેરૂં પાપ, કરશે તે ભોગવશે આપ." તરતજ જઇ નારદને છુટા કરી ચરણે પડી પૂછ્યું "હવે મારે શું કરવું? મારો ઉદ્ધાર કરો." નારદે કહ્યું "તારો ભ્રમ અને પાપમય જીવન છોડીદે; સદાના સાથી પ્રભુનેજ આરાધ. પછી નારદે બતાવેલા જપ–તપ–ધ્યાનમાં એવો મંડયો કે દેહ પર રાફડો બંધાયો! પછી દેવવાણી થઇ કે "જાગૃત થાઓ, હવે તમે "લૂટારા" નથી, સર્વ પાપ ટળી શુદ્ધ ઋષિ થયા છો. હવે "વાલ્મીકિ" કહેવાશો.

महामुनि वाल्मीकिना मुखमांथी काव्य नीसरवुं.

स्नान-ध्यानादि माटे महर्षि वाल्मीकिए तमसा किनारे शिष्यो सहित जवुं; त्यां क्रौंच पक्षीनो संहार अने मादानुं करुण रोदन जोई मादा तरफ दया अने पारधी तरफ क्रोध उपजवो अने तेना आवेशमां एकाएक श्लोक बोलाई जवो. तेमना मुखे सर्वथी पहेलुंज ए काव्य नीकळ्युं अने पछी एज धोरणे सर्वथी पहेलो रामायण ग्रंथ तेमणे रच्यो; जेथी ते "आदि कवि" कहेवाया.



આ પ્રસંગ તુલસીકૃતમાં નહિ, પણ વાલ્મીકિ રામાયણમાં ઉત્તમ પ્રકારે વર્ણવ્યો છે.


A 5214 Lakshmi Art, Bombay, 8.



મહર્ષિ વાલ્મીકિનું રામાયણ લેખન:—જે દેવર્ષિના યોગે "મહર્ષિ" થયેલા, તેજ એકવાર આવી ચઢતાં તેમને પૂછ્યું કે, મનમાં ઉભરાતું કવિત્વ જેના ગુણગાનમાં ઠાલવવું ગમે; એવો સર્વ ગુણ સંપન્ન જગતમાં કોણ છે? નારદજીએ કહ્યું 'રામચંદ્ર' પછી બ્રહ્માજી મળવા આવતાં તેમણે પેલા સર્વ પ્રથમ રચાયલા શ્લોકથી ખુશ ખુશ થઈ જઈ સંપુર્ણ રામાયણ રચવા કહ્યું. આ ચિત્ર, રામાયણ લેખન ઉપરાંત એ સૂચવે છે કે, માણસ જેવો લૂટવામાં બહાદૂર હોય, તેવોજ જો સુદામ વાત સમજવામાં અને સમજે કે તરત આચરવામાં પણ બહાદૂર હોય, તો પછી તે આમ હિંસક પ્રાણીને પણ અહિંસક બનાવે, તથા 'મહર્ષિ' અને 'આદિ કવિ' બને, એમાં નવાઈ શી? ધન્ય એનું હૃદય કે જે આવી રામાયણનું રૂપ લઇને યુગો વીતવા છતાં પણ હિંદુ સંતાનોને હિંદુ રાખી ધડકી રહ્યું છે!

महादेवे त्रीजुं नेत्र खोली कामने भस्म करवो.

ज्ञानरूपी त्रीजुं नेत्र खोली तेनो प्रकाश कामदेवपर जुस्साथी फेंकतांज तेनुं बळीने भस्म थवुं.




आ बोधदायक प्रसंग वाल्मीकिमां नहि पण तुलसीकृत रामायणमां विस्तारथी छे.

A 5214 Lakshmi Art, Bombay, 8.

कैलासपति झीलवा तत्पर थतां गंगाजी भूमिपर पधारे छे.

પ્રખર તપથી મહાદેવને પ્રસન્ન કરનારા ભગીરથ ગંગાજીનું ભક્તિભાવે દર્શન કરતા ઉભા છે; બીજી તરફ સિંહવાહિની પાર્વતીજી પણ પોઠીઆને ટેકવી સાનંદાશ્ચર્યથી ભાળી રહ્યાં છે.



Lakshmi Art, Bombay 8.

दशरथनी राजसभामां ब्रह्मर्षि विश्वामित्रनुं निडर वाक्य.

राजा दशरथे जोईए ते आपवानुं कह्या पछी नानी वयने लीधे राम लक्ष्मणने मोकलवा नामरजी बतावी, आथी विश्वामित्रे आवेशमां उभा थई जई निडरपणे कह्युं के "आम वचन तोडवुं ए रघुकुळना वंशजने योग्य नथी."



गोस्वामी तुलसीदासजीनी चोपाई प्रसिद्ध छे के:—

रघुकुल रीति सदा चलि आई।
प्राण जाई वरु-बचन न जाई।।

A 5214 Lakshmi Art, Bombay, 8.

श्रीरामना चर्णस्पर्शथी ऋषिपत्नी अहल्यानो उद्धार थवो.

પતિના શાપથી અદૃશ્ય બની રહેલાં ગૌતમપત્ની અહલ્યા, શ્રીરામ લક્ષ્મણ (વિશ્વામિત્ર સાથે) આશ્રમમાં આવતાંજ શાપથી મુક્ત થયાં. (શલ્યા મટીને પાછાં અહલ્યા બની રહ્યાં.) આમ થતાંજ તેમણે ભક્તિભાવે નમસ્કાર કર્યા. પછી રામલક્ષ્મણે તેમને પણ ઋષિપત્ની તરીકે નમસ્કાર કર્યા. હિમાલયમાં જઈ રહેલા મહાતપસ્વી ગૌતમ પણ આ વાત યોગબળથી જાણી જઈ તેજ સમયે આવી પહોંચ્યા; પતિપત્નીએ શ્રીરામ ઈત્યાદિનું પૂજન આતિથ્ય કર્યું; અને પછી બન્નેએ પાછું તપ ચાલુ કર્યું. (વાલ્મીકિ તથા તુલસીકૃત ઉપરથી.)



A 5214 Lakshmi Art, Bombay, 8.

बळवान-अधर्मी ताटकानो श्रीरामचंद्रे वध करवो.

समृद्ध प्रदेशने उज्जड करी मुकनारी अधर्मी ताटका धसी आवतां दयाळु रामे तेने स्त्री जाणीने हाथपगादि छेदीनेज जती करी; पण ते एवी तो मायावी-युद्धकुशळ-हती के उपरथी मोटा मोटा पत्थर आत्रवा लाग्या; अने तेथी रामने तेनो संहार करवो पडयो.




આ પ્રસંગ તુલસીકૃતમાં ટુંકો છે; પણ વાલ્મિકી રામાયણમાં વિસ્તારથી વર્ણવેલો છે.

A 5214 Lakshmi Art, Bombay, 8.

हे त्रिशंकु ! उभो रहे, उभो रहे, चिंता न कर.

संकल्पबळथी सदेहे स्वर्गमां मोकलेला त्रिशंकुने इंद्रे स्थान नहि आपतां
उंधे माथे पाछो फेंकयो; ए जोईने विश्वामित्रे उपलुं वचन कह्युं,
अने पछी पोताना तपोबळ वडे अनेक नवां नक्षत्रो रचीने
तेनी वच्चे तेने दक्षिण ध्रुव रूपे स्थीर कर्यो.




ઉપલો પ્રસંગ તુલસીકૃતમાં નથી, પણુ વાલ્મીકિ રામાયણુમાં વિસ્તારથી વર્ણુવ્યો છે.

A 5214 Lakshmi Art, Bombay, 8.

श्री रामे प्रचंड शिवधनुष पण एवुं चढाव्युं के कडडड भूस !



જનકના કહેવાથી અનેક સેવકો જઇ આઠ પૈડાંવાળી પેટી સહિત પ્રચંડ શિવધનુષને પૂજા સ્થાનમાંથી લઇ આવ્યા. પછી ગુરૂ વિશ્વામિત્રની આજ્ઞા થતાં શ્રી રામે રમત પેરે બહાર ખેંચી કાઢી પ્રત્યંચા ચઢાવી દઇને કાન સુધી એવું ખેંચ્યું કે મોટા અવાજ સાથે ભાંગી ગયું! વાંચક! તમે પણ આમ પુત્ર, કન્યાને સાચાં શિક્ષણ અને લાયક પતિ પત્ની આપો; કન્યા વેચી કે સાટું કરી નર્કની ટિકીટ લ્યો નહિ; એજ ભિક્ષા!



વિવાહ પછી અયોધ્યા જતાં રસ્તામાં પરશુરામ પ્રલયના ભયંકર વંટોળીઆ પેરે આવી પહોંચી બોલ્યાઃ શિવધનુષને તેં જ ભાગ્યું ને! હવે મારા હાથમાંનું આ શ્રેષ્ઠ વિષ્ણુધનુષ પણ ચઢાવી બતાવ એટલે મારી સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા જેટલું બળ તારામાં હોવાની ખાત્રી થાય. તરતજ શ્રીરામે તેમની પાસેનું પ્રખર ધનુષ ગ્રહણ કરી બાણ ચઢાવી દીધું અને બોલ્યાઃ—આપ તો ગુરૂ વિશ્વામિત્રના ભાણેજ પૂત્ર, એટલે નજ મરાય. માટે આપજ કહો કે આ પૃથ્વી પર નહિ વસવાની આપની પ્રતિજ્ઞા તોડાવવાને અહીં દોડી આવનારાં આ બળવાન ચરણોનેજ સંહારૂં ? કે આપના તપોફળ—સ્વર્ગને સંહારૂં? પછી પરશુરામનું તેજ શ્રીરામમાં જઇ સમાવા લાગતાં નિર્બળ સ્વરે બોલ્યાઃ—હવે તો અહીં રાતવાસો ન કરતાં—રાત્રી પહેલાં મહેન્દ્ર પહોંચી જઈ પ્રતિજ્ઞા પાળવામાંજ એ ચરણ વાપરવાં છે; માટે એને રહેવાદઇ પરલોકનોજ ભલે નાશ કરો! શ્રી રામે તેમ કર્યા પછી "પ્રતિજ્ઞાર્થે સ્વર્ગ ત્યાગ"ને માટે પૂજા વંદન કર્યું! પરશુરામે પ્રદક્ષિણા કરી!

कैकेयी एवी भोळी के मंथरा जेवी दासीए पण बुद्धि भमावी नाखी!



પરિણામ પણ "લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ" જેવુંજ થયું! રાણી કૈકેયી હતી તો બહાદૂર, પરંતુ ભોળી પણ એવી કે મૂર્ખ દાસીના પણ ઉશ્કેરવાથી તેની બુદ્ધિ ફરી ગઇ! પછી તેણે રાજા દશરથ પાસે એવું માગ્યું કે "ભરતને મળે રાજ અને રામને મળે વનવાસ" એમ થવા તો ગઇ રાજમાતા, પણ બની રહી વિધવા ને વળી અપયશની ભોક્તા! પ્રેમ-ભક્તિના ભંડાર ભરતજીને પણ રાજા બનાવવા જતાં બન્યા તપસ્વી!



સીતાજી પોતાને સાથે લઈ જવા શ્રીરામને વિનવી રહ્યાં છે.


હે સીતા! પિતાની પ્રતિજ્ઞા પાળવા હું વનમાં જાઉં છું. તમે મારી ચિંતા નહિ કરતાં અહીં સ્થિર ચિત્તે રહેજો; મારાં વૃદ્ધ માતા પિતાની સેવા કરજો. અને ભરત શત્રુઘ્નને ભાઈ તથા પુત્ર સમાન સમજી તેમનું પણ સદા પ્રિય કરજો. સીતાજી એવું સાંભળી દુઃખ સાથે બોલ્યાં:-પ્રાણપતિ! આ શું બોલો છો? વિવાહ સમયે આપની છાયા પેરે વર્તવાની પ્રતિજ્ઞા લેવા છતાં, આપ વનવાસી થાઓ અને હું અહીં રાજમહેલમાં રહું? મને પણ સાથેજ લઈ જાઓ. આપને દુઃખરૂપ નહિ થાઉં. આપ વિનાનું સ્વર્ગ પણ મારે નર્ક તુલ્ય છે; અને આપ સાથે હો તો નર્ક પણ મારે મન સ્વર્ગ છે. છતાં મને દીનને નહિજ લઈ જાઓ તો મારે જીવવું પણ નથી. આમ કહીને અશ્રુની ધારાઓથી ભૂમિને સિંચતી રહેલાં સીતાજી કરૂણ વિલાપ કરતાં શ્રી રામચંદ્રજીને કંઠે વળગી પડયાં. "વાલ્મીકિ રામાયણ" ઉપરથી.





લક્ષ્મણ અને સીતાસહિત શ્રીરામે પિતાપાસે જઈ "મારાં આ વૃદ્ધમાતાએ આવું દુઃખ કોઇવાર જોયુંનથી; માટે તે અમારા વિયોગે દેહ પાડે નહિ, એવી તેમની સંભાળ લેશો." એવું કહી વનમાં જવા રજા માગી. દશરથ આથી એવા દુઃખી થઇ ગયા, કે ઉંચું જોઈ શકયા નહિ; અને વહેતાં અશ્રુ સાથે માત્ર "હે રામ!" એટલુંજ બોલી શકયા. પછી શ્રીરામે પિતાને પ્રદક્ષિણા અને માતાઓને પ્રણામ કરી, જાણુતાં અજાણુતાં થયેલાં અપ્રિય માટે ક્ષમા માગી. આ જોઇ (કૈકેયી (સિવાયની) કૌશલ્યાદિ રાણીઓ અને અંતઃપુરનાં સર્વ કરૂણુવિલાપ તથા હાહાકાર કરવા લાગ્યાં! "વા. રા. ઉપરથી."

चित्रकुट आगळ श्रीराम अने भरतनी भेट.



गुरु वसिष्ट तथा माताओ सहित श्रीराम पासे जवुं अने गद्‌गद् कंठे चरणे पडवुं;
तथा श्रीरामचंद्रे हाथ लंबावी बंधुने भेटवुं.

A 5214 Lakshmi Art, Bombay, 8.

सुवर्ण पादुकाओने श्रीरामचंद्रनो चरण स्पर्श करावीने भरते तेने मस्तके चढावी तथा प्रणाम कर्या




राज्याभिषेक स्वीकारी अयोध्या पधारवानी भरतजीए श्रीरामने पुष्कळ विनति करी; पण तेमणे पितानी प्रतिज्ञा पाळवी, एज पोतानो मुख्य धर्म तथा द्रढ निश्चय दर्शाव्यो. छेवटे सर्वना अति आग्रहथी चौद वर्ष पछी पाछा आवी राज्य करवानी हा पाडी. ए पछी तेमनी-चरण स्पर्श करावेली-सुवर्ण पादुका भरते मस्तके चढावी प्रणाम कर्या; अने आज्ञा मुजब त्यांथी सर्व सहित पाछा फर्या; परंतु पंडे तो अयोध्यामां नहि पेसतां बहार तपस्वीनी पेठेज रह्या.

A 5214 Lakshmi Art, Bombay, 8.




સીતા સહિત શ્રીરામ લક્ષ્મણ આશ્રમમાં પહોંચતાં દર્ભાસન પર બિરાજેલા દિવ્ય કાન્તિવાળા વૃદ્ધ મહર્ષિ અત્રિપ્રત્યે દંડવત–વંદન કરી હાથ જોડીને ઉભા. મહર્ષિએ તેમને સપ્રેમ આશીર્વાદ આપી પુત્રપેરે હૃદયે ચાંપ્યા; વૃદ્ધ પત્ની દેવી અનસૂયાને આવી ઉભેલાં જોઈ તેમને સીતાજીનો સત્કાર કરવા કહ્યું; અને શ્રીરામને તેમની ઓળખ આપી સીતાજીને તેમની પાસે બેસાડવા કહ્યું. પછી સીતા પ્રત્યે શ્રીરામે તે વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ મહા તપસ્વિનીને સ્વમાતાથી પણ અધિક જગન્માતા દર્શાવીને તેમની પાસે જવા સૂચવ્યું. સીતાજીએ જઈ તેમને દંડવત પૂર્વક ચરણવંદન કરીને પોતાનું નામ કહ્યું. અનસૂયાએ સૌંદર્ય, સદ્ગુણ અને ત્યાગના અવતાર રૂપ સીતાજીને આવાં નિરાભિમાન જોઈ પ્રેમાશ્રુ વર્ષાવ્યાં; અને વ્હાલસોઇ પુત્રી પેરે હૃદયે ચાંપી મસ્તક સુંઘ્યું. પછી "તમારૂં શું પ્રિય કરૂં?" એમ પૂછતાં જણાયું કે "જહાં બિરાજે પાસે રામ, તેને કઈ વસ્તુનું કામ!" પછી સીતાજી પુનઃ પ્રણામ કરી હાથ જોડીને બેઠાં. આ વા. રા. ઉપરથી લખ્યું છે.



પક્ષીઓનો રાજા વૃદ્ધ જટાયુ સીતાને હરી જતા રાવણ સાથે લઢતાં એવો ઘાયલ થયો હતો કે માત્ર સીતાની ખબર આપવા સારૂજ જીવતો હતો ! પછી શ્રીરામ આવતાં તેણે સર્વ ખબર કહી અને તેમને ચરણે નમી પ્રાણ છોડયો. શ્રીરામે હાથ લંબાવી આશીષ દીધી કે "વીરગતિ મળો." વળી આ સીતાને માટે પ્રાણ દેનારને પિતાતુલ્ય માની અગ્નિસંસ્કાર કર્યો; કંદમૂળ લાવી દર્ભનાં લીલાં તૃણુપર પીંડદાન કર્યું; સદ્દગતિ માટે મંત્રજાપ કર્યા; અને ગોદાવરી કિનારે વિધીપૂર્વક સ્નાન તથા ઉદકદાન પણ શ્રીરામેજ દીધું !! "વા. રા. ઉપરથી"



મતંગવનનાં વૃદ્ધ યોગી–તપસ્વિ–શબરી—એઓ પુષ્કળ જપ તપ, તથા સદ્ગત વૃદ્ધ ગુરૂજનોની સેવા, પ્રતાપે બ્રહ્મવિદ્યા તથા સિદ્ધોનું પણ સન્માન પામ્યાં હતાં. રામ-લક્ષ્મણને આવતા જોતાંજ તે જન્મને સફળ માની, બે હાથ જોડીને સામે દોડી ગયાં; પ્રણામ પૂજન કર્યાં; પ્રથમથી લાવી રાખેલાં સુંદર મિષ્ટ ફળ રજુ કર્યાં; અને પછી એક તરફ બેસી તેમને વારંવાર નિરખીને તથા પ્રસન્ન ચિત્તે આરોગતા નિહાળીને વારંવાર આનંદમગ્ન થવા લાગ્યાં. પછી તે મતંગવન—કે જે મેઘસમી વૃક્ષઘટાઓથી ઘેરાયલું, પક્ષીઓના કલ્લોલરવથી ગુંજ્યા કરતું, તથા મૃગ અને સિંહાદિને ભય તથા હિંસા ત્યજી મિત્રપેરે વિચરાવનારૂં હતું; તે શ્રીરામની ઇચ્છાથી ફરીને બતાવ્યું. પછી તેમણે દેહ તજવાની આજ્ઞા માગતાં શ્રીરામે કહ્યું કે:-"હે કલ્યાણિ! ધન્ય છે તમને! સુખે પવિત્ર લોકમાં જઈ વસો!" વા. રા. માં વર્ણવેલાં આવાં વંદનીય તપસ્વિનીને પણ 'ભીલડી' અને 'ચાખેલાં જૂઠાં બોર ખવાડનારાં' એક સંસ્કૃત ટીકાકાર શાથી લખે!



श्रीराम अने सुग्रीव वच्चे अग्नि समक्ष थयेली प्रतिज्ञाओ.


सुग्रीव प्रतिज्ञा– कह सुग्रीव सुनहु रघुबीरा तजहु सोच मन आनहु धीरा ॥७॥
सब प्रकार करिहौं सेवकाई जेहि बिधि मिलिहि जानकी आई ॥८॥

राम प्रतिज्ञा– सुनु सुग्रीव मैं मारिहौं बालिहिं एकहि बान ॥
ब्रह्म रुद्र सरनागत गयउ न उबरहिं प्रान ॥१२॥

A 5214 Lakshmi Art, Bombay, 8.

अशोक वाटीकामां श्रीरामना वियोगे झूरी रहेलां महासति सीता.

કદ્રુપી, વિકરાળ, અને આયુધવાળી રાક્ષસીઓ વચ્ચે સીતાજી દીનના જેવાં મેલાં વસ્ત્રે, ઉદાસ નિસ્તેજ ચ્હેરે, નિરાહારી દુર્બળ શરીરે, અને અશ્રુ તથા નિશ્વાસ વર્ષાવતાં શ્રીરામના ધ્યાનમાં બેઠાં છે. પણ તે છતાં તેમનું સતિત્વ, જ્ઞાન-ચારિત્ર, શરીરનું મૂળ સૌંદર્ય અને વિશાળ નેત્ર, એ સર્વ એવાં તો અનુપમ હતાં કે જેથી તે સાક્ષાત લક્ષ્મી જેવાં અને મહા તપસ્વિની જેવાં દેખાતાં હતાં.



ज्यारे अमोघ ब्रह्मास्त्र जोयुं त्यारेज समुद्र रामने शरण थयो.


તપ, ઉપાસના અને બાણોને પણ નહિ પત્કારવાથી છેવટ શ્રીરામે બ્રહ્મદંડ સમું બ્રહ્માસ્ત્ર ઉઠાવ્યું! પણ તે જોતાંજ સમુદ્ર માનવરૂપે પ્રકટી મણિઓના થાળ ભરાવીને શરણ આવ્યો. અને પ્રાર્થના કરીને તે અમોઘ બ્રહ્માસ્ત્ર પોતાને બદલે ચોર તથા પાપીઓનીજ ઉપર સફળ કરાવ્યું!



A 5214—Lakshmi Art, Bombay, 8.

लंका जवा माटेनो सो योजननो सेतु (पूल) केवी रीते बंधायो?

શ્રીરામની આજ્ઞા અને નળ-નીલની યોજના મુજબ સૈનિકોએ તુરતજ યંત્રોવડે મોટાં મોટાં વૃક્ષ, કાષ્ઠ, પત્થર વગેરે લાવીને સમુદ્ર પુરવા માંડયો. આથી પાંચજ દિવસમાં સેતુ તૈયાર થયો. "વાલ્મિકી સ૦ ઉપરથી."



બૂડે ને બૂડાડે, એવા પત્થર સુદ્ધાં શ્રીરામ પ્રતાપે સમુદ્રપાર તર્યા; માટે તેમનેજ ભજો. "તુલસીદાસજી."

akshmi Art, Bombay, 8

मेघनादे जीतेलो ईंद्र, ईंद्राणी सहित रावण पासे रजु करायो.

મેઘનાદે રણક્ષેત્રમાં ઇંદ્રને જીતી કેદ કરવાથી રાવણે તેને "ઇંદ્રજીત" નામ આપ્યું અને કહ્યું કે 'ઇંદ્રને લંકામાં લઇ જાઓ, હું પણ આવી પહોંચું છું.' એ પછી તેઓ સર્વને લંકામાં ભેગાં થયેલાં કલ્પીને જે મૂળ–રંગીન–ચિત્ર નીકળેલું જણાયું; તેનાજ ઉપરથી આ ચિત્ર છપાવ્યું છે. (આમાંનું ઇંદ્રાણીનું પાત્ર વાલ્મીકિમાં નથી. અને તુલસીકૃતમાં તો આ આખો બનાવ સુદ્ધાં નથી.)



Lakshmi Art, Bombay 8.



ંદ્રજીતના મરણથી રાવણ ક્રોધેભરાયો. સીતાનેજ દુઃખનું કારણમાની તલવારખેંચીને ધસ્યો. સીતાજી પ્રભુ-સ્મરણ કરવા લાગ્યાં. એજસમયે મહામંત્રીજેવાં મંદોદરી હિંમતથી આગળઆવી રાવણના હાથપકડીને બોલ્યાંઃ—હે નાથ! આપ કુબેર જેવાના ભાઈ અને ચારવેદના અભ્યાસી થઈને શું સ્ત્રીવધનું મહાપાતક કરશો? ચાલો, યુદ્ધેચઢો; અને સઘળો ક્રોધ રામપરજ ઉતારો. આ સાંભળતાંજ રાવણ પાછોવળ્યો. (આ સ્ત્રીવર્માના ચિત્રમાં 'મંદોદરી' હોવાથીજ અહીં તેમ લખ્યું છે. બાકી વા. રા. માંતો "સુપાર્શ્વ મંત્રી" છે. અને તુ. રા. માંતો આપ્રસંગજ નથી.)

सति सुलोचना श्रीराम पासे जई इंद्रजीतनुं मस्तक मागे छे.

આ અસરકારક પ્રસંગ વાલ્મિકીમાં નથી; પણ તુલસીકૃતમાં વિસ્તારથી છે.



Lakshmi Art, Bombay, 8.

राम-भरत भेट्या, ते जाणे गुण-सौंदर्य अने बंधु-प्रेम भेट्यां !


શ્રીરામને ચૌદ વર્ષે જોતાંજ ભરતજી પૃથ્વીપર ઢળી પડ્યા ! રામ તેમને પરાણે ઉઠાડીને ભેટ્યા; તેમનાં નેત્ર ભરાઇ આવ્યાં અને રોમાંચ ખડાં થયાં. જાણે સાક્ષાત્ બંધુ-પ્રેમ અને ગુણ-સૌંદર્યજ ભેટ્યાં !



Lakshmi Art, Bombay, 8.

लव अने कुश वँने ध्यानानिष्ठ मुनि वाल्मीकिनुं दर्शन करे छे.


આશ્રમનાજ એક સ્થાનમાં ઉછરી બાર વર્ષની વયે પહોંચેલા અને વાલ્મીકિ પાસે રામાયણ ઇત્યાદિ
શીખવા લાગેલા લવ અને કુશ બંને નિત્ય નિયમ પ્રમાણે પ્રાતઃકાળમાં નાહી ધોઈ મહામુનિ
વાલ્મીકિ પાસે પહોંચી ગયા; તેમને ધ્યાનમગ્ન સ્થિતિમાં જોઇ ધીમેથી પ્રણામ કર્યા;
તથા પછી પણ ભક્તિભાવે અને મુંગે મોઢે તેમનું ધ્યાન દર્શન કરતા ઉભા રહ્યા.
આ લીટીઓ રામાયણ ઉપરથી નહિ પણ આ ચિત્ર ઉપરથીજ યોજાયલી હોઇને
આ ચિત્ર પણ એક ઉપકારક ચિત્ર ઉપરથીજ તૈયાર કરાવ્યું છે.



A 5214 Lakshmi Art, Bombay, 8

अरण्यमां लवकुशनी रमत अने सीताजीनी देखरेख.

સીતાજીની દોરવણી મુજબ લવ-કુશ બંને મહામુનિ વાલ્મીકિ પાસે દર્શન, શ્રવણુ, પઠન કરવા જતા;
તે આગલા ચિત્રમાં સૂચવાયા પછી "અરણ્યમાં ધનુર્વિદ્યા પણુ તેઓ સુશિક્ષીત માતાના પ્રતાપે
કેવી મોજમાં શીખતા" તે સૂચવતું આ ચિત્ર પણુ એક બીજા ચિત્ર ઉપરથી તૈયાર કરાવ્યું છે.





યજ્ઞ પ્રસંગે મહર્ષિ વાલ્મીક સાથે ગયેલા લવકુશ, રાત્રે આજ્ઞા થવા મુજબ પ્રભાતે અનેક સ્થળે "રામાયણ ગાતા વિચર્યા. એ ગાનથી સાનંદાશ્ચર્ય પામેલા શ્રી રામે યજ્ઞવિરામ સમયે મહર્ષિઓ, સંગીત શાસ્ત્રીઓ, કાવ્યપ્રેમીઓ, ઈત્યાદિની મોટી સભા મેળવી. રામાજ્ઞા થવાથી તેમણે ત્યાં પણ રામાયણ ગાવા માંડી. આવા સર્વાંગસુંદર જટાધારી યુવકોના ઉત્તમ સ્વર તથા વિણાસંયુક્ત સંગીતથી સર્વ શ્રોતા, શ્રી રામ અને મુની તપસ્વી પણ ચિત્ર જેવા બની રહે; અને વિરક્તના સવસ્વ સમાન તુંબડી, કૌપીન, ઇત્યાદિ પણ પુરસ્કાર રૂપે આવી પડે; ત્યાં શ્રી રામ તરફથી પણ અઢાર હજાર સુવર્ણ મુદ્રાઓ ભેટવા આવે, એમાં તો આશ્ચર્ય જ શું! પરંતુ આ તો રહ્યા "જંગલી (!) વાલ્મીકના ચેલા, અર્ધ નગ્ન માટે ઘેલા" (!); એટલે "ચાંલ્લો કરવા આવેલો, લ્હેરી લક્ષ્મીનો હલ્લો" તેને પાછો વાળતાં, બોલ્યા કે,–"અમે રહ્યા વનનાવાસી! વન–ફળ–મૂળે સંતોષી! આને લઇને શું કરીયે? શાને સંગ્રહ કરી મરીયે?"



સીતાજી મુનિ વાલ્મીકિની પાછળ પાછળ શ્રીરામની ઋષિસભા વચ્ચે જઇ પવિત્રતાની સાબીતી દેવા માટે ભૂમિમાતા પ્રત્યે હાથ જોડીને અશ્રુ સારતાંબોલ્યાં. "જો મન-વચન-કર્મ વડે મેં શ્રીરામનુંજ પૂજન-સેવન કર્યું હોય, તો મને તમારામાં સમાવી દેજો!" પછી ત્યાંજ પૃથ્વી ફાટી અને સિંહાસને બેઠેલાં દિવ્ય દેહધારી પૃથ્વીમાતા નીકળ્યાં, સીતાજીને અભિનંદન આપી ખોળામાં લીધાં, અને ભૂમિમાં ઉતરવા લાગ્યાં ! લક્ષ્મણ, લવ-કુશ અને સર્વના દુ:ખ-શોકનો પાર રહ્યો નહિ; શ્રીરામ પણ અત્યંત દિંગ થયા; અશ્રુ સાર્યાં અને ખુબ રોયા ! "વા. રા. ઉપરથી."

સસ્તા સાહિત્યના ઉત્તમ અને સસ્તા ગ્રંથો

ધાર્મિક ગ્રંથો

વાલ્મીકિ રામાયણ [illegible]
[illegible] વાણી [illegible]
[illegible] રામાયણ [illegible]
[illegible] વાણી [illegible]
[illegible] વાણી [illegible]
[illegible]
[illegible]
ભક્તિ અને [illegible] [illegible]
[illegible]
[illegible] ભગવદ્‌ગીતા [illegible]
[illegible] ભાગવત [illegible]
[illegible]
સ્વામી રામતીર્થ [illegible]
[illegible]
[illegible]
[illegible]
સ્વામી વિવેકાનંદ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
સ્વર્ગનું વિમાન [illegible]
સ્વર્ગની કુંચી [illegible]
[illegible]
[illegible]
[illegible] ગીતા [illegible]
[illegible] ગીતા [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

[illegible]
આદર્શ દૃષ્ટાંતમાળા [illegible]
આપણી સૂચનાઓ [illegible]
સુખ, આનંદ અને સમૃદ્ધિ [illegible]
[illegible]
[illegible]
[illegible]

ઇતિહાસ અને વૈદકસંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ [illegible]
આર્યભિષક [illegible]
[illegible]

બોધદાયક જીવનચરિત્રો

[illegible]
[illegible]
[illegible]
સ્વામી રામતીર્થની જીવનકથા [illegible]
સ્વામી વિવેકાનંદનું [illegible]
[illegible]
[illegible]
શ્રી શિવાજી છત્રપતિ [illegible]
વીર દુર્ગાદાસ [illegible]
[illegible]
[illegible]

બોધપ્રદ સામાજિક ટુંકી વાર્તાઓ

ટુંકી વાર્તાઓ [illegible]
ટુંકી વાર્તાઓ [illegible]
ટુંકી વાર્તાઓ [illegible]
ટુંકી વાર્તાઓ [illegible]

બાળકો માટે ખાસ પુસ્તકો

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય | [illegible]

[illegible]